Polio gone Measles is next / "GO FOR DIGITAL PAYMENT IT'S SAFE & SECURE"

# સુરત મહાનગરપાલિકા

## પ્લાસ્ટિકના ઉત્પાદન / વેચાણ સંસ્થા જોગ

## : જાહેર નોટિસ :

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરત અમોને ધ.જી.પી.એમ.સી. એક્ટ - ૧૯૪૯ હેઠળ પ્રાપ્ત થયેલ સતા અન્વયે તથા સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારમાં શહેરના નાગરિકોના આરોગ્યની સુખાકારી થતા તંદુરસ્ત વાતાવરણ મળી રહે તેમજ પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ અંતર્ગત તથા પ્લાસ્ટિક કચરાનું નિયંત્રણ કરવા સરકારશ્રીના સંપૂર્ણ સ્વચ્છ ભારત અભિયાનને સાર્થક બનાવવાના હેતુસર આથી સંબંધકર્તા સર્વેને આ જાહેર નોટિસથી જણાવું છું કે,

૧. કોઈ પણ ઈસમ/સંસ્થા/લગ્ન પ્રસંગના સ્થળો, લારી-ગલ્લા, દુકાનો, મોલ, કોમર્શીયલ યુનિટો, વિવિધ માર્કેટો, શાકભાજી માર્કેટ વિગેરે ધંધાકીય એકમો દ્વારા ૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈ ધરાવતાં પ્લાસ્ટિક કે થર્મોસેટ પ્લાસ્ટીકની બનાવટો જેવી કે પ્લાસ્ટિકની કોથળીઓ/ ઝભલા, માવાના પ્લાસ્ટિકના કાગળ, પ્લાસ્ટિક રેપર, ચા ના કપ વિગેરેના ઉત્પાદન / વિતરણ / સંગ્રહ / વેચાણ / વપરાશ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે.

૨. ૫૦ માઈક્રોન કે તેની વધુ જાડાઈ ધરાવતાં પ્લાસ્ટિક / થર્મોસેટ પ્લાસ્ટીકની બનાવટો જેવી કે પ્લાસ્ટિકની કોથળીઓ વિગેરેના ઉત્પાદન / વિતરણ / સંગ્રહ / વેચાણ / વપરાશ કરવા ઈચ્છતા હોઈ તો તેઓએ આ અંગે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત બનાવવામાં આવેલ છે. માત્ર ને માત્ર સુરત મહાનગરપાલિકામાં રજીસ્ટર્ડ સંસ્થાઓ જ અધિકૃત પ્લાસ્ટિક / થર્મોસેટ પ્લાસ્ટીકનું ઉત્પાદન / વિતરણ / સંગ્રહ / વેચાણ /વપરાશ કરી શકશે.

૩. પ્લાસ્ટિક / થર્મોસેટ પ્લાસ્ટીક કે રીસાયકલેબલ વેસ્ટ પ્રકારના ભંગાર ખરીદતા કે વેચતા ઈસમો / સંસ્થાઓએ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગમાં ફરજીયાતપણે રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

૪. ઉક્ત મુદ્દા નં. (૨)માં જણાવ્યાનુસાર પ્લાસ્ટિક / થર્મોસેટ પ્લાસ્ટીકના ઉત્પાદન / વિતરણ / સંગ્રહ / વેચાણ / વપરાશ અંગે રજીસ્ટ્રેશન ૩૧ ઓક્ટોબર ૨૦૧૮ સુધી વિનામૂલ્યે કરાવી શકાશે. ત્યારબાદ વાર્ષિક ફી પેટે પ્રથમ વખત લઘુત્તમ રૂા. ૧૦૦૦/- અને મહત્તમ રૂા. ૨,૦૦૦/- મહાનગરપાલિકા દ્વારા વસુલવામાં આવશે.

૫. જો કોઈ ઈસમ / સંસ્થા / ભંગારવાળા કે જેઓએ સુરત મહાનગરપાલિકામાં રજીસ્ટ્રેશન કરાવેલ હોય અથવા કરાવેલ ન હોય અને પ્રતિબંધિત (૫૦ માઈક્રોનથી ઓછી જાડાઈ) પ્લાસ્ટિક / થર્મોસેટ પ્લાસ્ટિક / અન્ય પ્લાસ્ટિક આઈટમોનું ઉત્પાદન / વિતરણ / સંગ્રહ / વેચાણ / વપરાશ કરતા માલુમ પડે તો સ્થાયી સમિતિના તા. ૩૧-૮-૨૦૧૫ ના ઠરાવ નં. ૧૨૫૬/૨૦૧૫ જણાવ્યાનુસાર Compounding Charges આવા ઈસમ / સંસ્થા / ભંગારવાળાઓ પાસેથી વસુલ કરવામાં આવશે.

આ રજીસ્ટ્રેશન માટેના ફોર્મ નજીકની સેનીટેશન વોર્ડઓફિસ ખાતે વિનામુલ્યે તા. ૧૩-૧૦-૨૦૧૮ થી ૨૬-૧૦-૨૦૧૮ સુધી મળી શકશે.

નં. પી.આર.ઓ./૩૯૫/૨૦૧૮-૧૯
તા. ૧૨/૧૦/૨૦૧૮

ડે. કમિશનર (હેલ્થ એન્ડ હોસ્પિટલ)
સુરત મહાનગરપાલિકા